**Gujarat Samachar Pg 7, 15th Sep 2022**

# ક્રીપ્ટોકરન્સી માર્કેટમાં કડાકા આઈસી૧૫ ઈન્ડેક્સ આઠ ટકા તૂટ્યો

મુંબઈ, તા. ૧૪ : અમેરિકામાં ફુગાવાનો આંક ધારણા કરતાં થોડો વધારે આવ્યો તેને પગલે ક્રીપ્ટોકરન્સી માર્કેટમાં મોટો કડાકો બોલાઈ ગયો છે. ફેડરલ રિઝર્વ ફુગાવાને કાબૂમાં રાખવા માટે વ્યાજદરમાં મોટો વધારો કરશે એવી આશંકાને પગલે રોકાણકારો ભયભીત થઈ ગયા છે. બિટકોઈન ૨૧,૦૦૦ ડોલરની નીચે ટ્રેડ થઈ રહ્યો હતો. દરમિયાન, ૩.૦ વર્ષે લોન્ચ કરેલો વિશ્વનો સર્વપ્રથમ ક્રીપ્ટો ઈન્ડેક્સ - આઈસી૧૫ બુધવારે બપોરે ચાર વાગ્યે પૂરા થયેલા ચોવીસ કલાકમાં ૮.૩૫ટકા (૨,૭૩૬પોઈન્ટ)ના ઘટાડાસાથે ૩૦,૦૧૮પોઈન્ટ બંધ રહ્યો હતો. ઈન્ડેક્સ ૩૨,૭૫૪ ખૂલીને ૩૩,૨૪૧ની ઉપલી અને ૨૯,૪૩૩ પોઈન્ટની નીચલી સપાટીએ ગયો હતો.